**વડોદરાના મહે.પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી બી.કે. રાવલ લેબર કોર્ટ નં.૩ સમક્ષ**

**<u>ક્રિમીનલ કેસ નંબર: ૩૩૩/૨૦૨૨</u>**

**–:: <u>આંક–૧ તળે હુકમ</u> ::–**

૧. સદર કામનું રેકર્ડ હાથ પર લઈ વંચાણે લીધું. આ કામના આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપીઓ આજરોજ અદાલત સમક્ષ હાજર થયેલ છે અને આરોપીઓએ આંક–ર થી કબુલાત પુરસીસ રજુ કરી તેઓ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ છે.

૨. આરોપીઓની રજુઆત જોતાં આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીઓ વિરૂધ્ધ ગુન્હાનો આક્ષેપ, ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈ જોતાં તેમજ આરોપીઓનો આ પ્રથમ ગુન્હો હોવાથી આરોપીઓને મહત્તમ શિક્ષા નહીં કરતાં યોગ્ય દંડ કરવામાં આવે તો તે ન્યાયિક કહેવાશે, તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આ ખ રી  હુ ક મ</u> ::–**

૧. આ કામના આરોપી/આરોપીઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી સદર ગુન્હા સબબ રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી /આરોપીઓ દંડની રકમ ન ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨ માહે નવેમ્બર સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**લોક–અદાલત.**
**તારીખ :– ૧૨/૧૧/૨૦૨૨.**
**સ્થળ :– વડોદરા.**

**(ભાવેશ કિશોરકુમાર રાવલ)**
**જી.જે.૦૧૨૫૫**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**લેબર કોર્ટ નં. ૩, વડોદરા.**